ાષ્ટ્રીય સમાચારો અને વિચારોને વાચા આપતું એકમાત્ર નિડર ગુજરાતી દૈનિક

# પ્રજાજન

પાટનગરના પ્રશ્નો, જાહેર સમસ્યાઓ, આપની આસપાસ બનતી ઘટનાઓ વિગેરે વાચા આપવા સંપર્ક કરો.

'પ્રજાજન દૈનિક'

૪૦૭, ચોથો માળ, અખબાર ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર- ૩૮૨૦૧૧

E-mail : milanvyasgnr@yahoo.co.in

Bhuvenshbhai Oza * Date : 28-07-2012, Sunday * Page : 4 * Price : Rs. 1.50 R.N.I. No. : 48693/85

# બી.પી.કોલેજ ઓફ બી.બી.એ. ગાંધીનગરની વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃતિઓનો દ્વિમાસિક અહેવાલ

ગાંધીનગર,તા.૨૭

કડી સર્વવિદ્યાલય, ગાંધીનગર સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન, ગાંધીનગર છેલ્લા ૧૩ વર્ષોથી સ્તાનક કક્ષાએ મેનેજમેન્ટનું શિક્ષણ આપવાની સાથે-સાથે વિદ્યાર્થી વિકાસનાં ભગીરથ કાર્યમાં પણ પોતાનું યોગદાન આપી સર્વાંગી સામાજીક ઉત્તરદાયીત્વ નિભાવતી આવી છે.

આ વર્ષમાં પ્રથમ કાર્યક્રમ રૂપે તા.૩-૭-૨૦૧૨ના રોજ કોલેજ દ્વારા ગુરૂપૂર્ણિમાના પ્રવિત્ર અવસર નિમીત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. સંસ્થાનાં સેમેસ્ટર પાંચનાં એ અને બી વર્ગોના વિદ્યાર્થીઓની જહેમતથી યોજાયેલી આ કાર્યક્રમમાં કુલ ૧૮ સ્પર્ધકોએ ભાગ લીધેલો જેમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પર અનુક્રમે સેમેસ્ટર-૧નાં નીરજ સિંગ, કુ.પાયલબા જાડેજા જેમજ જય પરીખ વિજેતા જાહેર થયેલા. આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ અને પાંચ અધ્યાપકો એ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ સંસ્થાના વડા ડો. રમાકાન્ત પૃષ્ટિએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને ગુરૂ-શિષ્ય સંબંધનું જીવનમાં મહત્વ સમજાવતા આર્શિવચન પાઠવ્યા હતા. તેમજ શૈક્ષણિક સફળતા માટે સૂભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનાં ઇન્ચાર્જ તરીકે પ્રો.નીરવ જોષીએ જવાબદારી નિભાવી હતી.

તા.૧૪ અને ૧૫ જુલાઈમાં રોજ વનશ્રી ફાઉન્ડેશન, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે વૃક્ષયાત્રાનાં કાર્યક્રમમાં આશરે ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો સવારે ૯.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી યોજાયેલ આ કાર્યક્રમમાં ઉંટગાડી દ્વારા સેક્ટર-૧ થી સેક્ટર-૩૦ સુધીમાં છોડની વહેંચણી કરવાની સાથે સાથે ૧૦,૦૦૦ થી વધુ છોડનું રોપણ કરવામાં આવેલ. કોજેલ વતી પ્રો.માર્ગી દેસાઈ એ આં કાર્યક્રમની જવાબદારી ઇન્ચાર્જ તરીકે નિભાવેલ.

વિદ્યાર્થીઓમાં અંગ્રેજીભાષા તેમજ સોફ્ટ-સ્કિલ અંગે સમાનતા કેળવવાનાં હેતુથી તા.૧૩ જુલાઈથી તા.૨૫ જુલાઈ દરમ્યાન એમ.બી.એના સેમિનાર રૂમ તેમજ ફાર્મસી હોલમાં સેમેસ્ટરનાં આશરે ૩૭૦ વિદ્યાર્થીઓ માટે જાણીતા ટ્રેઈનર તેમજ સ્પીકર આશીષ સોનીના વર્કશોપનું આયોજન કરવામાં આવલે.

સંસ્થાના વડા ડો. રમાકાન્ત પુષ્ટિ દ્વારા તા.૧૪ જૂલાઈના રોજ અધ્યાપકોમાં સંશોધન અંગે વધુ જાગરૂકતા કેળવવાના આશયથી બપોરે ૩.૦૦ થી ૪.૩૦ દરમ્યાન રિસર્ચના પ્રકારો વિષે તાલિમ વર્ગનું આયોજન કરવામાં આવેલ.

તા.૨૧ જૂલાઈના રોજ સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ દરમિયાન ગૌરાંગ લોટિયાનું માર્કેટીંગ પ્રેક્ટીસીઝ એન્ડ ક્વેરિજ વિષય પર સ્પેશ્ય લેક્ચર રાખવામાં આવેલ.

સેમેસ્ટર-૧માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ માટે આવકાર સમારોહનાં ભાગ રૂપે ફેશર્સ પાર્ટી-પ્રારંભનું આયોજન તા.૨૫ જુલાઈના રોજ બપોરે ૧.૩૦ થી ૬.૦૦ વાગ્ય દરમ્યાન કોલેજ કેમ્પસમાં જ કરવામાં આવેલ.

તા. ૧૧ જુલાઈના રોજ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટી, અમદાવાદની વિઝીટનું આયોજન કરવામાં આવેલ. આશરે ૧૦૬ વિદ્યાર્થીઓ એ સમગ્ર સાયન્સ સિટીની મુલાકાત લીધેલ તેમજ વિદ્યાર્થીઓ એ જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ કઈ રીતે કેળવવો તે અંગે વકતવ્ય પણ માણેલ. સંસ્થાનાં કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા આ કાર્યક્રમની સફળતાને આત્રીઓ આપવામાં આવેલ. પ્રો. મેથ્યુજહોન, પ્રો. માર્ગી દેસાઈ, તથા ધર્મેન્દ્ર રાઠોડ આ કાર્યક્રમના ઇન્ચાર્જ તરીકે સફળ કામગીરી બજાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, બી.બી.એ. કોલેજ ગાંધીનગર અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃતિઓ સમગ્ર વર્ષ દરમિયાન કરતી રહે છે. પ્રવૃત્તિઓની યશગાથાની આ અવિહત વિકાસયાત્રાનાં સહભાગીઓ તરીકે સંસ્થાનો કર્મચારીગણ વિદ્યાર્થીઓ તેમજ સંસ્થા સાથે જોડાયેલ સામાજીક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ છે. સંસ્થાની રૂબરૂ મૂલાકતા લેવા તેમજ સંસ્થાકિય પ્રવૃત્તિઓની વિગતવાર નોંધ લેવા માટે વેબસાઈટ ની વિઝીટ કરવા તેમજ ફોન નં. ૦૭૯-૨૩૨ ૪૫૭૩૫ પર સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.